here...

For support when you need it...
When you're ready for it.

## અમારા વિશે

Lancashire Victim Services ની સ્થાપના લેંકશાયરના પોલીસ અને ક્રાઇમ કમિશનર દ્વારા સમગ્ર દેશનાં પીડિતો અને અપરાધનાં સાક્ષીદારોને સહાય પ્રદાન કરવા માટે કરવામાં આવેલ છે.

જો તમે કોઈ અપરાધના શિકાર થયા છો અથવા તેના સાક્ષી છો, ભલે તમે પોલીસને તેની જાણ કરી ન હોય, તો પણ અમે તમારી મદદ માટે અહીં છીએ.

અમે જે કોઈને પણ તેની જરૂર હોય તેને ભાવનાત્મક સમર્થન, માહિતી અને વ્યવહારિક મદદ પ્રદાન કરીએ છીએ.

અમારી તમામ સેવાઓ મફત અને ગોપનીય છે.

## અમે તમારી મદદ કેવી રીતે કરી શકીએ

- કોઈ અપરાધ પછી તમને તેમાંથી બહાર લાવવા માટે અમે ભાવનાત્મક સમર્થન ફોન પર, રૂબરુ મુલાકાત લઈને અથવા ઑનલાઇન પ્રદાન કરીએ છીએ
- કોઈપણ અપરાધનાં શિકાર બનવા અથવા તેના સાક્ષી બનવા પછી તમને કોઈપણ ચિંતાઓ હોય અને ચિંતાજનક બાબતો હોય તો તે સાંભળવા અને તેના વિશે વાત કરવા અમે અહીં છીએ
- જો તમે વાત કરવા માંગતા ન હોવ તો તમને સહાય કરવા માટે અમારી પાસે ઑનલાઇન સંસાધનો છે
- જો તમારો કેસ અદાલતમાં જાય તો શું થશે તેના પરની માહિતી અમે પ્રદાન કરીએ છીએ અને તેને સમજવામાં તમારી મદદ કરીએ છીએ
- અપરાધનાં પરિણામ સ્વરૂપે તમે જે સમસ્યાઓનો સામનો કરો છો તેને ઉકેલવા માટે અમે વ્યાવહારિક મદદ આપીએ છીએ
- તમે પોલીસમાં અપરાધની રિપોર્ટ કરી છે કે નહીં અથવા તે ઘટના ક્યારે બની હતી તેને ધ્યાનમાં લીધા વિના અમે તમારી સહાય કરીએ છીએ

## સંપર્કમાં રહો

તમે અમારી સાથે ફોન પર વાત કરી શકો છો, અમને ઈમેલ કરી શકો છો, કોઈ મુલાકાત ગોઠવી શકો છો અથવા અમારી વેબસાઇટની મુલાકાત લઈ શકો છો. તમે જ્યારે પણ તૈયાર હોવ ત્યારે તમારી સહાય કરવા અમે અહીં છીએ.

કૉલ કરો: 0300 323 0085

ઈમેલ: info@lancashirevictimservices.org એક સંદેશ મોકલો:

એક સંદેશ મોકલો: www.lancashirevictimservices.org/contact

વેબસાઇટ: www.lancashirevictimservices.org